# પશ્ચિમગુજરાતવિજકંપનીલીમીટેડ

રજી.ઓફિસ "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન", નાના મવા મેઈન રોડ,
લક્ષ્મીનગર, રાજકોટ–૩૬૦ ૦૦૪. CIN – U40102GJ2003SGC042908
**માંગરોળ વિભાગીય કચેરી, દરબારગઢ પાસે, બહારકોટ, માંગરોળ – ૩૬૨ ૨૨૫**
**ફોન : (૦૨૮૭૮)૨૨૨૩૭૧ ફેક્ષ નં : (૦૨૮૭૮)૨૨૨૩૭૨**


## = = પરિશિષ્ટ-૨ = =

**એચ.ટી./એલ.ટી. લાઈન/ટીસીના સમારકામ તથા લાઈન કામ અંગેની શરતો.**

1 } સદર કામ માટેનો તમામ માલસામાન કંપની તરફથી આપવામાં આવશે.જે માટે નિગમિત કચેરી ની સુચના મુજબ આપે આપના સ્ટોર માટે વેન્ડર રજીસ્ટેશન કરાવવાનું રહશે, તેમજ આપના સ્ટોર નું સરનામું અત્રે કચેરી ને આપવાનું રહશે.

2 } કોન્ટ્રાક્ટરે તમામ પ્રકારનો માલ સમાન વિભાગીય કચેરી સ્ટોર માંગરોળ ખાતેથી સ્વખર્ચે લઇ જવાનો રહેશે.

3 } એડજેસ્ટમેન્ટ એમ આરથી જે-તે પેટા વિભાગીય સ્ટોરમાંથી કોન્ટ્રાક્ટર્સને માલસામાન આપેલ હશે તો જે-તે માલ સામાનનું વિભાગીય સ્ટોરમાંથી પેટા વિભાગીય કચેરી સુધી લઇ જવાનું વાહન ભાડું મજુરીમાંથી કાપી લેવામાં આવશે.

4 } કરેલ કામની લોકેશન ઇન્વેન્ટરી તથા માલ સામાનનો હિસાબ વગેરે બીલ બનતી વખતે વિભાગીય કચેરીમાં આપવાના રહેશે જે માટેનું પેપર વર્ક જે-તે અધિકારીએ કરવાનું રહેશે.

5 } કામ દરમ્યાન કંપનીની મિલકતને કોઈપણ જાતની નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોન્ટ્રાક્ટરની રહેશે.

6 } કામના એક સ્થળેથી અન્ય સ્થળે મજુરો તથા માલ સમાન ફેરવવા અંગેની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે પોતાની જાતે કરવાની રહેશે. ઓફીસ ને જરૂર જણાયે આપે આપની કામગીરી માટે ની ટીમો વધારી આપવાની રહશે (આપની ઓર્ડર ની રકમ વધુ હોવાથી આપે કુલ ત્રણ ટીમો આપવાની રહશે )

7 } નવા-જુના કામનો વધેલ માલ સમાન વિભાગીય સ્ટોરમાં પોતાના ખર્ચે જમા કરાવવાનો રહેશે. માલ જમા કરાવ્યા બાદ જ બીલ રજુ કરવાનું રહેશે.

8 } કામ સુપરવાઈઝર/અધિકારીની સુચના મુજબ કરવાનું રહેશે.

9 } આ કામ માટે જરૂરી ટુલ્સ/ટેકલ્સ કંપની તરફથી આપવામાં આવશે નહિ. પરંતુ કોન્ટ્રાક્ટરે પોતાના વાપરવાના રહેશે.

10 } **કામની જરૂરિયાત મુજબ ડીટેઈલ વર્ક ઓર્ડર્સ આપવામાં આવશે. જે પૂર્ણ થશે તેનું રનીંગ/ફાઈનલ બીલ બનાવવામાં આવશે.**

11 } **આપવામાં આવેલ ડીટેઈલ વર્ક ઓર્ડરની કામગીરી પૂર્ણ થયે તે અંગેના બીલો એક માસની અંદર મુકવાના રહેશે.**

12 } અંદાજીત કામના જથ્થામાં ફેરફાર થયે/વધારાની કામગીરી કરવાની જરૂર જણાયે, મંજુર થયેલ મૂળ ભાવ પ્રમાણે કામ કરી આપવાનું રહેશે.

13 } કંપનીના વર્કસ એન્ડ કોન્ટ્રાક્ટર્સની તમામ શરતો આ કામને લાગુ પડશે.

14 } જે તે પેટા વિભાગીય કચેરીમાં આપવામાં આવેલ વર્ક ઓર્ડર પૂર્ણ થયે/ અન્ય પેટા વિભાગીય કચેરીમાં જરૂરત ઉભી થયે ત્યાં કામગીરી કરવાની રહેશે. સદર જેજીવાય ફીડરની કામગીરી પૂર્ણ થયે અન્ય ફીડરોમાં લાઇનને લગતી કામગીરી તેમજ નવા કનેકશનો માટેની કામગીરી કરવાની રહેશે.

15 } સદર કામ અંગેનો આખરી નિર્ણય નીચે સહી કરનારશ્રીનો અબાધિત રહેશે.આ કામનું ન્યાયક્ષેત્ર માંગરોળનું રહેશે.

16 } નિગમિત કચેરીના સરક્યુલર મુજબ નવા/જુના ટીસી અંગે ની કામગીરી કરવાની હોય ત્યાં કામગીરી પહેલા ના તેમજ પછીના ફોટોગ્રાફ પાડી બીલ પાસીંગ સમયે રજુ કરવવાના રહશે.

17 } કંપની દ્વારા વિજપોલ કામગીરી કરવાની હોયતે લોકેશનથી નજીકનીજગ્યાએ ઉતારવામાં આવશેજ્યાંથી વિજપોલ કામગીરીની જગ્યા સુધી કોન્ટ્રાક્ટરે પોતાના સ્વખર્ચે લઇ જવાના રહેશે.**પોલનાં ખાડા કરવા માટે પીઈડી મશીન ફરજીયાત છે**

18 } ઓર્ડરની કામગીરી કોન્ટ્રાક્ટરે જાતે જ પૂર્ણ કરવાની રહેશે મળેલ ઓર્ડર અન્વયેની કામગીરી કોન્ટ્રાક્ટરનાં કર્મચારી સિવાયના વ્યક્તિ કે અન્ય કોન્ટ્રાક્ટર દ્વારા કરાવી શકશે નહિ.જે કોન્ટ્રકટર દ્વારા પેટા કોન્ટ્રકટરને આપેલ હશે અને ઓફીસના ધ્યાન પર આવશે તેવા સંજોગોમાં પેટા કોન્ટ્રાક્ટર તથા મેઈન કોન્ટ્રકટર પર કાર્યવાહી કરવાનો હક્ક નીચે સહી કરનારનો રહેશે અને નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

19 } કોન્ટ્રાક્ટર દ્વારા નવા ખેતીવાડી વીજ-જોડાણ માટે જરૂરી ઉભા કરવા પડતા પોલ બાબતે અરજદાર પાસે પોલનું સ્થળાંતર,વીજ પોલના ખાડા વીજ-પોલના અર્થીંગ માટે કોલસો તથા મીઠું અરજદાર પાસેથી લેવડાવવા માટે આગ્રહ રાખવામાં આવશે અને આ મુદ્દા બાબતની ફરિયાદ આવશે તો તેવા કોન્ટ્રાક્ટરની ઉપર કંપનીના નિયમ અનુસાર પગલા લેવામાં આવશે

20 } કોન્ટ્રાક્ટર પીજીવીસીએલનાં કાર્યક્ષેત્રમાં કાળી યાદીમાં નથી તે બાબતની બાહેંધરી આપવાની રહેશે.

21 } આપના દ્વારા ઓનલાઈન ટેન્ડર ભરતી વખતે ડાઉનલોડ કરવામાં આવેલ નવી ડ્રાફ્ટ ટેન્ડર પ્રણાલી મુજબ (Common Tender for Labour work for erection of HT-LT lines and transformer centers ..PGVCL/PROJECT-3/Labour work Tender/491 Date:23/05/.2019) ની તમામ શરતો તેમજ નિયમો [illegible]

# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

રજી.ઓફિસ "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન", નાના મવા મેઈન રોડ,
લક્ષ્મીનગર, રાજકોટ–૩૬૦ ૦૦૪. CIN – U40102GJ2003SGC042908
**માંગરોળ વિભાગીય કચેરી, દરબારગઢ પાસે, બહારકોટ, માંગરોળ – ૩૬૨ ૨૨૫**
**ફોન : (૦૨૮૭૮)૨૨૨૩૭૧ ફેક્ષ નં : (૦૨૮૭૮)૨૨૨૩૭૨**


**સલામતી અંગે કોન્ટ્રાક્ટરે અનુસરવાના અગત્યના નિયમો.**

**22 }** નવા અથવા સમારકામ માટે જરૂરી લાઈન ક્લીયર લીધા પછી જ કામ શરૂ કરવાનું રહેશે.

**23 }** ઉપરોક્ત કામગીરી કરતી વખતે અનુભવી અને જરૂરી લાયકાત ધરાવતા અધિકૃત સુપરવાઈઝર કોન્ટ્રાક્ટરે સુપરવિઝન માટે રાખવાનો રહેશે.

**24 }** ઉપરોક્ત ઓર્ડર મુજબ કોઈપણ લાઈન કામગીરી કરતી વખતે સલામતીના તમામ નિયમોનું પાલન કોન્ટ્રાક્ટરે કરવાનું રહેશે.

**25 }** ઉપરોક્ત ઓર્ડર મુજબ કોઈપણ લાઈન કામગીરી કરતી વખતે જરૂરી સલામતીના સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. જેમકે, શેફ્ટી બેલ્ટ, હેન્ડ ગ્લોઝ, હેલ્મેટ વગેરે જે સાધનો કોન્ટ્રાક્ટરે તેમના દરેક કામદારને આપવાના રહેશે. તેમજ કામગીરી શરૂ કર્યા પહેલા લાઈન બંધ છે તેની ખાતરી કરવાની રહેશે, અને જરૂરી લાઈન બંધ કરી, ડીસચાર્જ-શોર્ટ કરી અર્થ કરીને જ કામગીરી કરવાની રહેશે. સદર નિયમોનું ઉલ્લંઘન થયે, અકસ્માત થયે સંપૂર્ણ જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરના માણસ અને કોન્ટ્રાક્ટરની રહેશે જેમાં પીજીવીસીએલની કોઈ જવાબદારી રહેશે નહિ. અને શેફ્ટીના સાધનો દરેક કામદારને મળી ગયેલ છે અને તેનો ઉપયોગ દરેક કામદાર કરે છે. જેનું સર્ટિફિકેટ રજુ કરવું.

**26 }** કોન્ટ્રાક્ટરની બેદરકારીથી વિજ અકસ્માત થયે કોન્ટ્રાક્ટરને કોઈપણ જાતના પત્રવ્યવહાર વગર બ્લેક લીસ્ટ કરવાની સત્તા પીજીવીસીએલની રહેશે. જે કોન્ટ્રાક્ટરના જરૂરી શેફ્ટીના સાધનો વાપરતા નહિ હોય તો પેનલ્ટી રૂપે કોન્ટ્રાક્ટરના બિલમાંથી કંપનીના નિયમ મુજબ કપાત કરવામાં આવશે.

**27 }** કામ કરતા જો કંપનીના કોઈપણ માલ/મિલકતને નુકશાન થશે અથવા તો જાનમાલની હાની થશે તો, તેમજ કોન્ટ્રાક્ટરના પોતાના માણસોને ઈજા/મૃત્યુ કે નુકશાન થશે તો તે અંગેની તમામ નુકશાનીની જવાબદારી કોન્ટ્રાક્ટરની સંપૂર્ણ રહેશે જેનું કોઈ પણ વળતર આપવામાં આવશે નહિ.**વીમાં ની મુદત પૂર્ણ થયે નવો વીમો કરાવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહશે**

**28 }** આ વર્ક ઓર્ડરની તમામ કામગીરી સુપરવાઈઝર/અધિકારીની સુચના મુજબ જ કરવાનું રહેશ.

**29 }** કોન્ટ્રાક્ટર દ્વારા નવા ખેતીવાડી વીજ-જોડાણની પોલ તેમજ ટ્રાન્સફોર્મર ઉભુ કર્યા બાદ ટ્રાન્સફોર્મર પરથી સર્વીસ કેબલ લગાડી મીટર પેટી લગાડી, મીટર લગાડી નવું વીજ-જોડાણ લગાડી આપવાનું રહેશે.

**30 }** આ વર્ક ઓર્ડરમાં જરૂર પડ્યે ડિવિઝન/તેમજ સર્કલ ઓફીસ હેઠળ કોઈ પણ જગ્યાએ નીચે સહી કરનાર અધીકારી ની સુચના મુજબ કામ કરવાનું રહેશે. ,તેમજ ઓફીસ ની સુચના મુજબ ની કોન્ટ્રક્ટરે માણસો ની ટીમ (ગેંગ) પૂરી પાડવાની રહશે

**31 }** કોન્ટ્રાક્ટર ને બીલ પાસીંગ અર્થે મોકલવામાં આવે ત્યારે માલસામાન ઈસ્યુ ગેટપાસ બીલ ની સાથે જોડવાના રહશે

**32 }** નવા કનેક્શનનો લાઈન કામગીરી બાબતે વાંધામાં હશે તો તેવા કનેકશનો નો ઈસ્યુ થયેલ માલસામાન કોન્ટ્રાક્ટરે જાતે ઓફીશમાં જવાબદાર અધિકારી/કર્મચારી પાસેથી માલસામાન જમા અંગેની CR મેળવી માલસામાન સમય મર્યાદામાં જમા કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટર મી રહશે

**33 }** ઓડર ની તમામ શરતો વધ ઘટ કરવાની જવાબદારી નીચે સહી કરનાર ની રહશે અને તે કોન્ટ્રાક્ટર ને બંધનકર્તા રહશે

**34 }** કોઈ કારણોસર અથવા તો કોન્ટ્રાક્ટર દવારા વર્ક ઓડર (રીલીઝ) મળ્યા બાદ દિવસ -૬૦ મા કામગીરી પૂર્ણ કરવામાં નહિ આવે તો જે તે નાયબ ઈજનેર શ્રી ની દેખ રેખ હેઠળ ઈસ્યુ થયેલ માલસામાન કોન્ટ્રાક્ટરે વિભાગીય કચેરી ના સ્ટોર માં અચૂક જમા કરવાનો રહશે.

- ❖ સર્ક્યુલર નંબર **PGVCL/TCH-2/5481 DT-25-7-2022 and PGVCL/TCH-2/6155 DT-23/8/2022/pgcor/tech/e-file/455/23023/621/tech** જે આ ઓર્ડર માં લાગુ પડશે અને તે મુજબ કામગીરી કરવાની રહશે.
- ❖ કોન્ટ્રાક્ટરે C.B.U.D (કોલ બીફોર યુ ડીગ ખાડો કરતા પહેલા જાણ કરો) પોર્ટલ પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહશે જો કોન્ટ્રાક્ટર દ્વારા જો અન્ય કોઈ વિભાગ/કંપનીના નેટવર્ક ને નુકશાન કરવામાં આવશે તો તેની ભરપાઈ/સમારકામ કોન્ટ્રાક્ટર ના સિરે રહશે જેની નોધ લેવી.

**આ ઓડર ની કામગીરી આપેલ સમયગાળા માં કરવાની રહશે આ માટે કોઈ વધારા ની સમય મર્યાદા આપવામાં આવશે નહિ જેની નોધ લેશો..**

ઉપરોક્ત પાના નંબર-૧ તથા ૨ ની તમામ શરતો મેં વાંચેલ છે અને મને કબુલ મંજુર છે અને ઉપરોક્ત તમામ શરતો માન્ય રાખીને હું કામગીરી કરવા તૈયાર છું.

**કોન્ટ્રાક્ટરની સહી ....................................**

**નાયબ ઈજનેર (ટેક)**
**પીજીવીસીએલ,**
**વિભાગીય કચેરી, માંગરોળ**

**કાર્યપાલક ઈજનેર**
**પીજીવીસીએલ,**
**વિભાગીય કચેરી, માંગરોળ**